# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-03-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-કિસાન સન્માન નિધિ યોજના:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 22મો હપ્તો છૂટો કરશે. પ્રધાનમંત્રી મોદી આશરે 9 કરોડ 32 લાખ ખેડૂતોના બેંક ખાતાઓમાં 18 હજાર 640 કરોડ રૂપિયા લાભાર્થીઓના ખાતામાં સીધા જમા કરશે.**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે સરકારે ખેડૂતો માટે AI-આધારિત ડિજિટલ મંચ, ભારત વિસ્તારનો પ્રથમ તબક્કો શરૂ કર્યો છે. આ મંચ ખેડૂતોને કૃષિ મુદ્દાઓ પર વ્યાપક માહિતી પ્રદાન કરશે. આ પહેલ હેઠળ, ખેડૂતોને ફોન કોલ દ્વારા તેમની પોતાની ભાષાઓમાં માહિતી પૂરી પાડવામાં આવશે.**

**દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. 22મા હપ્તા હેઠળ રાજયના આશરે 49.59 લાખ ખેડૂત પરિવારોને રૂ. 1,028 કરોડથી વધુની સહાય મળશે.**

**-----------------------------------------------------------------------------------------**

## LPG સપ્લાય-રાજ્ય-કચ્છ :

**મધ્ય-પૂર્વ સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે રાજ્યમાં ઘરેલું જરૂરિયાત માટેના LPG ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું રાજ્યના અન્ન નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા જણાવાયું છે.**

સત્તાવાર યાદી મુજબ, જાહેર ક્ષેત્રની ઑઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા LPG બાટલાના બુકિંગ વચ્ચે 25 દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય કરાયો છે. સાથે જ PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાતની સ્થિતિ વધુ સારી છે.

રાજ્યમાં LPG બાટલાઓના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસ અને દેખરેખ રાખવામાં આવી રહી છે.

દરમ્યાન હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ આવશ્ય ચીજવસ્તુઓ અંર્તગત એલ.પી.જી. પુરવઠો જીલ્લામાં સુવ્યવસ્થિત રીતે જળવાઈ રહે અને અછત ન વર્તાય તે માટે જીલ્લાના તમામ ગેસ વિક્રેતાઓ સાથે પુરવઠા વિભાગ દ્વારા  કલેક્ટર કચેરી ખાતે  બેઠક યોજાઈ હતી. જેમા જીલ્લામાં પરિસ્થિત અન્વયે ખોટા સંદેશાઓ, અફવાઓ ન ફેલાય તેમજ બિન જરૂરી ભયનું વાતાવરણ ઉભુ ન થાય તેની તકેદાર રાખવા સુચન કરાયુ હતુ.

---

## ITI-ઇલેક્ટ્રિક કાર-ધનવંતરી રથ લોકાર્પણ-CM:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે શ્રમ કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને 40 ઇલેક્ટ્રિક કારનું વિતરણ કર્યું; તેમજ બાંધકામ અને સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને ઘર આંગણે પ્રાથમિક આરોગ્ય સેવા - સારવાર માટે 50 ધનવંતરી આરોગ્ય રથ અને છ મોબાઇલ મેડિકલ વાનના લોકાર્પણ કર્યા.

રાજ્યની ITIમાં મોટર મિકેનિક ટ્રેડમાં તાલીમ લઈ રહેલા યુવાઓને ઈલેક્ટ્રીક વ્હીકલ્સ સંલગ્ન પ્રાયોગિક તાલીમથી સજ્જ બનાવાશે.

ઉદ્યોગોને સ્કીલ મેનપાવર મળી રહે તે માટે ઓટોમોબાઇલ સેક્ટરના વ્યવસાયોમાં સિલેબસ આધારિત 40 ઇલેક્ટ્રિક કાર ITIને ઉપલબદ્ધ કરાવીને તાલીમાર્થીઓને નવીનતમ ટેકનોલોજી સંબંધિત તાલીમ આપવાનું લક્ષ્ય રાજ્ય સરકારે રાખ્યું છે.

---

# ગાંધીધામ-આદિપુર-ગ્રીન રોડ:

**ગાંધીધામ-આદિપુરમાં સતત વધતા જતાં ટ્રાફિકના ભારણને હળવું કરવા માટે મહાનગરપાલિકા દ્વારા રજૂ કરાયેલા મહત્વાકાંક્ષી 'ગ્રીન રિંગ રોડ' પ્રોજેક્ટને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે.**

**મુખ્યમંત્રી ગ્રીન રોડ યોજના હેઠળ આશરે રૂ.135 કરોડના ખર્ચે તૈયાર થનારો આ 10 કિલોમીટર લાંબો માર્ગ શહેરની પરિવહન વ્યવસ્થામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. તાજેતરમાં જ પાલિકાએ આ રૂટ પરના દબાણો હટાવ્યા બાદ હવે ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.આ રિંગ રોડ શહેરના પશ્ચિમ છેડાથી પૂર્વ છેડાને જોડશે.**

---

# હવમાન:

રાજ્યમાં આજે હીટ વેવની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરાયુ છે. હવમાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, પાટણ, કચ્છ, મોરબી, પોરબંદર, જુનાગઢ, અમરેલી, અમદાવાદ,ગાંધીનગર,આણંદ,વડોદરા અને સુરતમાં કાળઝાળ ગરમીની અસર વર્તાશે.હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યુ હતું કે દિવસની સાથે રાત્રી પણ ગરમ રહેશે. જોકે ત્યારબાદ ગરમીથી આંશિક રાહત મળવાની પણ શક્યતા છે.

---

# માંડવી-HPV રસીકરણ પ્રારંભ:

સરકારા દ્વારા શરૂ કરાયેલા ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી રાષ્ટ્રીય એચ.પી.વી. રસીકરણનો પ્રથમ તબક્કો માંડવી તાલુકામાં શરૂ કરાયો છે. માંડવી તાલુકા આરોગ્ય વિભાગ અને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા કેમ્પનો ધારાસભ્ય અનિરૂધ્ધ દવેના અધ્યસ્થાને પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ સ્લોટમાં 14 વર્ષ પુર્ણ કરી 15 મુ વર્ષ ચાલુ હોય તેવી તમામ દિકરીઓને 90 દિવસ સુધી નિશુલ્ક એચ.પી.વી રસી અપાશે.ધારાસભ્ય

અનિરૂધ્ધ દવેએ તાલુકાની તમામ પાત્ર દિકરીઓને અને તેમના વાલીઓને સરકારની આ મહત્વકાંક્ષી યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી.

------------------------------------------------------------------------------------------